૨૨ રૂ.
Opera

# વીર મંડળ. B

# નાટકના પાત્રો

લેખક ડૉ. ટાલાલ ગુજરશંકર
ગુલાટી



૧૯૨૨

# નાટકના પાત્રો.

## પુરૂષ વર્ગ

દયસિંહ..................મેવાડનો મહારાણો

તાપસિંહ<br>જગમલ } ............તેના કુંવરો

જયમલ<br>[illegible] } ...............તેના મુખ્ય પટાવતો.

[illegible]...............પાલીનો રાજા.

કબર.......................આગ્રાનો રાજા.

સામત......................એક ખવાસ.

ગટુડીયો....................જગમલનો મશ્કરો.

## સ્ત્રી વર્ગ.

રોહિણી...................ઉદયસિંહની રાખેલી સ્ત્રી.

શ્રીદેવી....................પ્રતાપની રાણી.

લાલાં......................શ્રીદેવીની બેન, પછી પુત્તની સ્ત્રી.

સુભગા....................લાલાંનાં ભાભી જસવતસિંહની સ્ત્રી.

વીરાં......................પુતની માં.

રતની.....................સામતની સ્ત્રી.

ચમની.....................રતનાની બેન.

દરબારી, નાચનારી, દાસી, રજપુત તથા મુગલ લશ્કર<br>સ્ત્રી લશ્કર વગેરે, વગેરે.

# વીર મંડળ નાટકનો ટુંક સાર

## અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

૧ મંગળાચરણ. ચીતોડનો રાણો ઉદયસીંહ તેની એક રાખ રોહીણીને વશ થઇ ગયો છે તેથી પ્રજા પીડાય છે, માટે કુંવરપ્રતાપ તથા પુત્ત અને જયમલ રાણાને ચેતાવવાનો વીચાર કરે છે.

૨ રોહીણીના બાગમાં ઉદયસીંહ આનંદ કરે છે. નાનો કુંવર જગમલ આવી પ્રજાના દુઃખના ખબર આપે છે રોહીણી દરબાર બંધ કરાવે છે.

૩ સામત અને રતની. ચીતોડપર શાહેનશાહ અકબર ચડી આવે છે એવા ખબર. કુંવરપ્રતાપ તથા સામંતોની ચીંતા પ્રતાપનું બાપ પાસે જવું.

૪ રાણો અને રોહીણી. મજામાં ખલલ. હુકમ તોડવા માટે રાણો પ્રતાપને દેશ નીકાલ કરે છે. રોહીણીનો પસ્તાવો અને મેવાડની રક્ષા માટે વચન આપવું.

૫ સામત રતનીને ચમની સામત ગભરાટમાં. તે ચમનીપર મોહી પડે છે.

૬ પ્રતાપ મેવાડની સરહદ છોડે છે. તેની સ્ત્રી શ્રીદેવીનું પાછળ આવી પહોંચવું શ્રીદેવીના પીયર તરફ જવું.

૭ જસવતસીંહ બેન શ્રીદેવીને આવકાર દે છે. તેની નાની બેન લાલાંને મુગલને આપવાની તૈયારી. લાલાંના મનની ખરીવાત, શ્રીદેવી લાલાંને પુત્ત સાથે નસાડી મુકે છે.

૮ પુત્તને લાલાંનો પ્રેમ પ્રસંગ.

૯ ચીતોડમાં રાણાની દરબાર અકબર સામે ચડાઈ.

# અંક ૨ જો

૧ લાલાં ન્હાસી ગઇ તેથી જશવંતસીંહ ગુસ્સે થાય છે. મુગલ સરદારની સમજાવટથી અકબરને સોંપી દેવા પ્રતાપને કેદ કરે છે.

૨ પ્રતાપને પકડયાના ખબર જસવંત શ્રીદેવીને આપે છે. શ્રીદેવી પતીને છોડવા ભાઇ પાસે કરગરે છે. પણ તે માનતો નથી, આખર શ્રીદેવી તેને મારી નાંખવાની ધમકી આપી પ્રતાપને છોડાવે છે. અને બન્ને ચાલ્યાં જાય છે.

૩ ગભરાટથી ઉદયસીંહ નાસી જવા ધારે છે, હીમ્મત બહાદૂર કુંવર જગમલ તેને લડવા સમજાવે છે.

૪ પુત્તને પરણેલી લાલાં અને સખીઓ પુત્તની મજાક કરેછે.

૫ એક મુગલ સીપાઇ બ્હાદુરખાં લશ્કર સાથે પોતાની બીબીને છુપી રીતે પેટીમાં ઘાલીને લઇ આવ્યો છે. તેની વીટંબણા.

૬ પુત્તનીમા વીરાં પાસે રોહીણીનો એક માણસ આવી ખબર આપે છે કે રાણો નાસી ગયો અને રાણી લશ્કરની સરદારી લેવા પુત્તને બોલાવે છે વીરાં લીલાં તથા પુત્તની લડવા જવાની તૈયારી.

૭ અકબરશાહનું લશ્કર રોહીણીના હલ્લાથી વીખરાઇ નાઠું હતું તેને ફરી ભેળું કરી પાછો હલ્લો કરવા બાદશાહ જાતે ચડે છે.

૮ અકબરના હુમલાથી ચીતોડના તુટી ગએલા કીલ્લા પાસે જગમલ તથા થોડા સામંતો ઉભા છે. રોહીણી વીજય કરી પાછી આવે છે. ઘાએલ રોહીણી રાણાની ગેર હાજરીમાં જગમલને રાણાનુ તાજ પહેરાવે છે. અકબરનો હુમલો. જયમલ. પુત્ત, વીરાં, લાલાંનું યુદ્ધમાં પડવું. રોહીણીનુ યુદ્ધ. જગમલને બચાવતા તેનું મરણ, બંનેને બચાવતાં ઉદયસીંહ મરે છે. જગમલ કેદ થાય છે.

## અંક ૩ જો.

૧ અકબરની કચેરીમાં જગમલની પહેલી સાલામ. જગમલ નમતો નથી. તેને સમજાવવા જસવતસીંહને સોંપે છે. તથા અકબર મેવાડ છોડી અજમેર જાય છે.

૨ આપના મરણના ખબર પડયા પછી પ્રતાપ મેવાડ પર ચડી આવે છે અને એક પછી એક કીલ્લા હાથ કરેછે એ સંબંધી ખુલાસો.

૩ જગમલ ને રીઝવવાં જસવંતના પ્રયત્નો કુસ્તી બાજ ભૈયાના છોકરાઓ. જસવંત જગમલને તેની બહેન શાહજાદાને આપવા ફોસલાવે છે જગમલની હઠ અને શાહજાદાનો માર.

૪ ભાઇને છોડાવવા માટે કોમલમેરપર પ્રતાપ હલ્લો કરવા જાય છે.

૫ જસવંત તથા મુગલ સરદાર જગમલને મારી નાખવાં તૈયાર થાય છે. પ્રતાપ આવી પહોંચવાના ખબર. કીલ્લો બંધ પ્રતાપનું આવી પહોંચવું જસવંત પ્રતાપને પાછો ચાલ્યો જવા કહે છે. અને જો હલ્લો કરે તો જગમલને કાપી નાંખવાની ધમકી આપે છે નાનો જગમલ ન બીતાં ભાઇને હલ્લો કરવા ઉશ્કેરે છે પ્રતાપ જસવંતને મારે છે જગમલનું બચવું. પ્રતાપ રાણો મેવાડની જુની રાજધાની કોમલમેર જીતી લેછે.

॥ ૐ તત્ સત્ પરમાત્મને નમઃ ॥

# વીર મંડળ.

## અંક ૧ લો.

મંગળાચરણ.

એક સ્ત્રી— ૧

સ્નેહે સમરૂં શંકર શંકર શંકર નામ,
વીર ગણુ નાયક સત્ય સહાયક;
સ્ફટીક ધવળ સુખ ધામ—સ્નેહે૦
જેની ચરણુ રજ સુર નર સેવે.
એવા પ્રભુને પ્રણામ—સ્નેહે૦

પુત્ત— ૨

જ્યાં અબળા રાજે
નહીં ત્યાં શાંતિ સુખ સાજે—જ્યાં૦
લલના મહીં જહીં ભૂપતિ બને લુબ્ધ
પ્રજાને શું ત્યાં આરામ છાજે છાજે છાજે—જ્યાં૦

જયમલ— ૩

રાજા કરૂણા રાખે જેમ, રહે પ્રજાનો પૂરો પ્રેમ
બાળકની પેઠે પાળવી, પ્રજા જાળવી રાખો એમ
એ આબાદી કેરો ઝરો, દુઃખે કેમ પમાયે ક્ષેમ ?

વારાંગનાઓ— ૪

આહા શી રજની આ ધીમી ધીમી ઉતરી આવે !
નભ છવરાવે ભુમી લપટાવે

... શાંતિ પાંખ ફેલાવે !—આહા૦
પટ ઝીણાં મહીંથી શી ચમકે ?
તારા પેલી ઝીણી ઝીણી
શીળી ઉછરતી મીઠી મુરતી
પ્રીતી ભરતી આનંદ ઝરતી
ખેલતાં ઝીલતાં પીયુને પ્રેમદા પ્રેમમાં
ત્યાં સરતી એ રજની ભાવે—શી રજની૦

રોહણી—

૫

રંગભીના આજના લીજો લીજો.
રેડ કસુંબા રસીલા
લાગે લહેર આનંદ કેરી—રંગ૦
અમલની ખુબી આર પિયુ મારા
જામે અજબ શા તાર પિયુ મારા
લ્હેર કોઇ અનેરી—રંગ૦
મારો પિયુજી પાતળો
અમલે ઝોકાં ખાય
રાજ વીના કેમ રીઝીયે ?
મારૂં દિલડું ડુલી જાય—રંગ૦

જગમલ—

૬

બાપુ શીદ ધમકાવો ?
એવી બીક શું બતાવો ?
જાઓ નહીં રહું આંહી
જઇશ મને ગમે ત્યાંહી
સાંખ બોલ કેમ કહી
રાજપુત ટેકીલો
મને ધારવો નહીંજ
બાપુજી એવો ઢીલો
એતો સાંખી રહે બાઇ
હું તે શીદ રહું આહીં—બાપુ૦

શીરવી—છોડ મારગ જરીક
લાલાં—ઓહો બતાવી બ્હીક!
ઠીક ઠીક ઠીક
મને આટલી અસર ન આનીરે

૧૮

પુત્ત—
મુજ નેણામાં પ્યારી વસે
કાચનો મનહર મહેલ બનાવ્યો
નીલમ તખ્ત લસે—લસે મુજ૦
પુસ્ક ચેરાગની રોશની કીધી
વ્હાલી જહીં વીલસે—લસે મુજ૦

૧૯

લાલા—
લગની લાગીરે વ્હાલા ઉપર જાઉંવારી
પુત્ત—ધીમે ધીમે પગલે
આછે ડગલે
ફુલને ઢગલે
રસીલી રંગલે
લાલાં—વાગી વાગીરે પ્રેમ કટારી વાગી
ચટકી ચીતમાં લાગી
ઝબકી જાગી
પ્રીતી માગી
થઇ અનુરાગી—લગની૦

૨૦

વારાંગનાઓ—
જાઓ સૈયાં બાતે મોસે નાહી બનાઓ
સતાઓ ન મોહે જાઓ જાઓ સીધાવો
દેખી તારી સારી હમસે સફાઇ હમકોના બનાવો જાઓ
સોવનકે સંગ પ્રીત લગાઇ હમારી સવરીયાં
દીલસે ભુલાઇ હમારી નગરીયાં હમારી ડગરીયાં છોડ. ...
સોતનકો જાઓરે જાઓ—જાઓ૦

૨૧

સર્વે દરબાર—

ચાલો શુર રજપૂત શત્રુને સંહારો
આપણા મેવાડ કેરી કિર્તીને ઉધ્ધારો—ચાલો૦
સૂર્યવંશીઓની એક ટેક ઉધ્ધારો
પૂર્વજોતણાં મહા પરાક્રમો સંભારો—ચાલો૦
આજછે આનંદદીન આવ્યો યુદ્ધવારો
દુશ્મન દળદળી નાંખી વિજય માળ ધારો—ચાલો૦

——:0:——

## અંક ૨ જો.

શ્રીદેવી—

૨૨

અલી ઉંધ રહે જરી તો દબાઇ,
મુજ પ્રાણપતી હજી આવ્યા નથી.
સુખ આનંદમાં નહીં આડી વહે—અલી.
ઝરમર ઝરમર મેહુલો વરસે
વેરી કામ મુજ દેહ દહે,—અલી.

દાસી—

૨૩

નાક કેરી નથની વીભોજી લઇ ગયા.
હળવી હું નાકે થઇરે ભાણેજડા.
ભાણેજડા સરોવર ગ્યાંતાં. ઝુલણ માંરે
અંગ કેરી સાડીઓ વીભોજી લઇ ગયા.
હળવી હુ અંગે થઇરે ભાણેજડા.
ભાણેજડા સરોવર ગ્યાંતા ઝુલણમાં રે,
પગ કેરાં કલ્લાં વિભોજી લઇ ગયા.
હળવી હું પગે થઇરે ભાણેજડા.
ભાણેજડા સરોવર ગ્યાંતા ઝુલણમારે.

શ્રીદેવી—

૨૪

અરે ચેત ચેત મુરખ તને ખાઇ જશે કાળ.
બીજાને શીદ પીડ ભાઇ તારૂંતો સંભાળ—અરે

ઝેર વેર રાખે દીલ લાભ શો નીહાળ ?
મનમાંની રહી જશે મને જમ ઘેરી લેસે કાલ.—અરે
નહીં રાજય કીર્તી પૈસો કંઇ આવશે સંગાથ.
સહુ રહી જશે અહીંનું અહીં તું થઇ જઇશ રાખ—અરે.

[..]યસિંહ— ૨૫

મારાં વ્હાલાં થયાં મુજવેરી લીધા મુગલોએ ઘેરી
આ લડાઇ તો જામી ભારે હવે તે થાશે શું અત્યારે ?
આવી અકબરે ગઢને ઘેર્યો હું સામે થયો કાળે પ્રેર્યો
મારાંએજ મને ભંભેર્યો લડાઇનો ચકમક મેં ઝેર્યો
હવે જઇશ હું ખરેજ હારી અને નાંખશે અકબર મારી
રાજ થઈ ગયું ઝેરી મારાં વ્હાલાં—

[..]મલ— ૨૬

બાપુ બાંધો બંદુક જઇએ લડવા મેદાનમાં
સાથે લેજો જરૂર એક તલવાર હો.—જઇએ.
લડાઇમાં લાલ બની ઘુમીએ.
મારી શત્રુને માર.—જઇએ.
પાછા ભાગો શીદ ? ચાલો આવાર હો.—જઇએ.

[..]ીઓ— ૨૭

સહીયર આવો તો ગુણીયલ ગરબા ગાઇએરે
મોરી સાસુડીના જાયા
મોરી નણદીના વીરરાયા
મન મલકાય
ઉર છલકાય—સહી૦
કંથ ચરણની સેવનાં એ
પંથ સ્વરગનો સહેલ
ખતં થકી સતી સર્વ સેવ
અંતર ઉમંગ ભરેલ
સેવી સ્વામી સંગે ફુલે
સદા સુખને ઝુલે ઝુલે
મસ મુસકાય
રસ ઝલકાય સહી૦

૧૮

સાચો સાચો આ ધર્મ સતીનો
સુણો સખી શાણીરે
નથી પ્રભુમાંને પતિમાં ફેર
લહો ઉર આણીરે
આ ભવફેરી જાતરાનો
લઇ લીજે શુભ લ્હાવ
સંચરી સ્વામીની સંગે
દેવ ભુવન ભર ભાવ
બ્રહ્મા વિષ્ણુ શંકર રાચે
બાંધ્યા રહે એ સતીને સાચે
કીરતી પમાય
જશ ઉભરાય—સહી૦

ચુન્ના— ૨૮

પ્યારી મુરતી તારી પ્રીતીથી છે સવાઇ,
પ્રીતી નીરમળ તું એ તેવી
એમાં છે ન જુદાઇ—પ્યારી૦
ગુલાબી ઝાંઇ હોય પ્રીતી નવેલી
ગુલાબી તારી મુખ છાંયા રસીલી
ફરે આંખો ચપળ તેજે ભરેલી
પ્રીતીની રીત પણ એવી છબીલી—પ્યારી૦

લાલા— ૨૯

તું તો કળાએલ મોરલોરે લાલજી.
હું તો ઢળકતી ઢેલ
આવો મારા બાંખેણા લાલજી.
મોરલાની કોટે કાંઠલોરે લાલજી.
ઢેલને આછી વેલ. આવો મારા.
મેઘ જોઇ નાચે મોરલોરે લાલજી.
મોર જોઇ રાચે ઢેલ.— આવો મારા.

બહાદુરખાં— ૩૦

મએં તુમકો તો ચાહું જાનસે છોડો ના સંગ
કયું હએ મત ભંગ ?

ખભરાનાં મત ભાંકે ખાનસે છોડો૦—કયું૦
જાની ધુમ શની ધુમ
ચુંઢી ખડે ખડે સોસ્યો—છોડો૦ કયું૦
ખાના ખાઉં ગાના ગાઉ
દૂએ મુઝે ના શેષ્યો—છોડો૦ કયું૦

૩૧

આહા—
મેરી પ્યારી જાની આઓ મએ વારી વારી જાઉં.
બીબી—અબ મોહેના સતાઓ
આહા—મએ વારી વારી જાઉં
તેરી સુરતપર બલીહારી વારી વારી જાઉં
બીબી—ચલો છોડોભી અબ સારી
આહા—વારી વારી જાઉં
ચલો રુંઠો ના અબ પ્યારી વારી વારી જાઉં
બીબી—કાહે ચોલી મોરી ફારી
આહા—મેંએ વારી વારી જાઉં

વીરાં— ૩૨

દીન જન્મનો આવ્યો આજ.
મને આનંદ અંતર ભારીરે—દીન.
પુત્ત પરાક્રમી પુત્ર મારો કરશે રણ સંગ્રામ,
કીર્તિની વરમાળ પહેરી દીપાવશે કુળનામ.—મને.
એક રત્ન મેં સાચવ્યું'તું આવા અવસર કાજ.
જળહળ તેજે વધારશે તે મારી કુખની લાજ.—મને.

લાલાં— ૩૩

જાવાદો મને જાવાદોને.—જાવા.
શત્ર સામે લડવા જાવું.
વીર નારીનું પાણી બતાવું.
ત્રાસ અરી દળમાં પથરાવું.
એટલું મા થાવા દોને.—તમે એટલું.

બાળા છું પણ છું ક્ષત્રાણી.
યુદ્ધથી હું નથી માઝી અજાણી.
આતુરતા મનમાં ન સમાણી.
તેગ તીખી સ્હાવા દોને.—તમે તેગ

૩૪

પુત્ર—

પ્રીતીનું પહેરૂં બખ્તર પ્યારી
ધીમે ધીમે લ્હાજો હો લાલાં
ન ભેદે જરાય શત્રુ ઘાય
યુધ્ધે જઇએ મારા પ્રાણ
કંકણ કર ખળકે તારે
ખડગ કર ચળકે તારે
જોઇ શત્રુની કંપે કાય—યુધ્ધે.
શાબાશ છે ઓ ક્ષત્રાણી
તને શૂરી નારી મેં જાણી
મારી સહાયક દેવી સદાય—યુધ્ધે.

૩૫

અકબર—

યા માલા યેહ રજપુતોને હએ કએસી ધુમ મચાઇ
હમને દેખી ન લડાઇ અએસી કએસી બનઆઇ—યા મૌલા
કએસી ખુદાયા યેહ તબાઇ
આજ તક કભુ હમને ન અએસી જકપાઇ—યા મૌલા

——:0:——

## અંક ૩ જો.

૩૬

વારાંગના—

પ્યારે ચલો આવો
મોસે ના લજાઓ
પાઉં પડુ દેખો મોહે ના સતાવો૦—પ્યારે.
જોબન મોરો નીકસો પરત હએ

કાહે બીપતીયાં ચેઠી દીની—
મારે પ્યારે મોરે પ્યારે મોરે પ્યારે
આઓજી ચલો આઓ--પ્યારે૦

૩૭

જગમલ--
કેમ નમાવું શીષ ? વંશ બાપા રાવળનો
કેમ નમાવું શીષ ? રાય હું સૂરજ કુલનો
કેમ નમાવું શીષ ? લાજ રજપુતાં લાગે
કેમ નમાવું શીષ ? બાપના વેરી આગે ?
ભલે કપાઇ જાય માથું આ તો નહીં નમશે
ડરતો નથી લગાર થશે પ્રભુને જે ગમશે

શ્રીદેવી--
૩૮

સ્વામી છો શુરા કે છો જી સ્નેહ રંગભીના ?
બહુ રૂપી દેખાઓ પીયુ એ તે શું નગી
ખુબી તમારી ન્યારી ન્યારી, લાગે મને પ્યારી પ્યારી,
સર્વમાં નિપુણ સ્વામી, જોઇ જાઉં વારી વારી,
નજરના ભરાય જોઉં રેનને દીના સ્વામી.

શ્રીદેવી—
૩૯

સ્ત્રીના ધર્મ અજબ છે સ્વામી
કહી સંભળાવું શુ આ વાર ?
એક છતાં બની અનેક રૂપે
રીઝવતી ભામની ભરથાર
ભોજન સમે માતા સરીખું હેત જે દાખે
દેતી શીખામણ ગુરૂ સમી સાચાં વચન ભાખે
વળી મિત્રના જેવી એછાની વાતનો વિશ્રામ.
આરામ વળા દાસી પેઠે કરતી સેવા કામ
સુખ કે દુઃખથી સંકોચાયન
સાચી શરીરની ભાગીદાર—એક છતાં૦

૪૦

...ફરાઓ—

અલો એલો એલનીયા ખેલ ભયા (૨)

૨, સો—કુસ્તીકે દાવ ખેલું માર કલાઇ

કસરત બનાકે ઉડાલે મલાઇ

૨, એ—હમ હુએ જવાન ચલેઆવ કોઇભાઇ

ઝટ પટક રગડ ડાલુ તોડદું દાનાઇ

૪૧

...હુડીઓ—

નેણું નહીં મારોરે (૨)

કાળજડું ફુટી ફુટી જાય જાય હાયહાય—નેણાં૦

નેણાં કેવાં તીર જેવાં

તિરછાં એવાં મારે ઘાય

હું નાનકડી હું લાડકડી

મારી નાંખી આ માય માય—નેણાં૦

૪૨

...દેવી—

કેવી [illegible] નયનની સુરત અહા

કેવા હતા કેવા થયા પલટે વળી સુરત અહા—કેવી૦

એક સમે હતાં સુખી રાજ કુટુંબમાં મુખી

થઇ ગયા પછી દુખી કાળની એ સુરત અહા—કેવી૦

બદલી કાન્તી એ વળી ભાગ્યની દશા ફળી

વિજય આવતો ઢળી સ્નેહની એ સુરત અહા—કેવી૦

૪૩

...તાપ—

ઓ વીર નરો શુરધીર નરો

થાઓ લડવાને તયાર

બહાદુર ધરો ભરપુર હામને

નામ કરો આ વાર

મેવાડની કીરતીના ઝુંડા ફરકાવો આ યાર

છે વિજય આપણો નક્કી

એ નીશા રાખજો પક્કી

આપણી તેજી તલવાર

દુશ્મન બનશે લાચાર

Opera
ID No.
045 B
Photo ID N